ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,**ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૦૧/૨૨–૨૩/ 770 તારીખ : 19 APR 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી બુધેલીયા સુધીરભાઈ સાજણભાઈ,**
**ડેરી વિસ્તાર,**
**મું.રાજપરા,**
**તા.જી.ભાવનગર.**

કેસ નં.૧૦૧/૨૨–૨૩

**મો.નં–૮૪૦૧૯ ૧૬૮૫૨**

**વિષય : ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૬/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૭/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૧/૨૨–૨૩/e-૭૯૫૭૨ તા.૧૪/૦૩/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૧/૨૨–૨૩/e-૧૧૩૦૩૮ તા.૧૭/૦૩/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૩/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૦૧/૨૨–૨૩** ☜

વાદી :– **શ્રી સુધીરભાઈ સાજણભાઈ બુધેલીયા,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૦૩/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી રાઘવભાઈ ખેંગારભાઈ બુધેલીયા (વાદી ના પિતરાઈ ભાઈ()**

પ્રતિવાદી :– **શ્રી એસ.જી.પંચાલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી સુધીરભાઈ સાજણભાઈ બુધેલીયા, મું.રાજપરા, તા.જી.ભાવનગરની ખેતીવાડી વિજ કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૦૧/૨૨–૨૩ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૦૧/૨૨–૨૩/e-૭૯૫૭૨ તા.૧૪/૦૩/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૦૩/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદીશ્રી સુધીરભાઈ સાજણભાઈ બુધેલીયા વતી તેમના પિતરાઈ ભાઈ શ્રી રાઘવભાઈ ખેંગારભાઈ બુધેલીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.જી.પંચાલ, નાયબ ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૧.૧** ઉપરોકત જણાવેલ સરનામે સર્વે નં–૧૪૦ માં મારા દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૧ ના રોજ ખેતીવાડી કનેકશન માટે અરજી કરેલ જેનું સર્વે ઓગષ્ટ–૨૦૨૨ માં કરેલ. સર્વે સમયે ઉપરોકત સર્વે નંબરમાં બોર કે કુવો ન હતો અને વરસાદી સીઝનના કારણે બોર કે કુવો થઈ શકે તેમ ન હતો અને છ મહિનામાં કુવો કે બોર કરી આપીશ તેવું જણાવેલ. ત્યારબાદ, બોર બનાવ્યા પછી તા.૧૮/૧૧/૨૦૨૨ ના રોજ મારા દ્વારા રી સર્વે ની અરજી કરેલ. પરંતુ, વરતેજ સ.ડિ ઓફીસ દ્વારા રી સર્વે ની બદલે અરજી કેન્સલ કરેલ તો આ મારી અરજી માન્ય રાખી કેન્સલ કરેલ અરજીને ફરી ધ્યાનમાં રાખવા વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

સદર બાબતે નાયબ ઈજનેર, વરતેજ પેટા વિભાગીય કચેરી દ્વારા સંદર્ભ પત્ર નં–૨ થી પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે. તે મુજબ વાદી દ્વારા વરતેજ પેટા વિભાગીય કચેરીમાં તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ રૂા.૨૩૬/– ભરપાઈ કરીને રસીદ નં–૪૩૭૪૦૦ થી નવા ખેતીવાડી વિજ જોડાણ માટેની અરજી કરવામાં આવેલ હતી. આ અરજીના અનુસંધાને વરતેજ પેટા વિભાગીય કચેરીના અધિકારી/કર્મચારી દ્વારા વાદી/પ્રતિનિધિ ની હાજરીમાં તા.૨૩/૦૮/૨૦૨૧ ના રોજ માંગણી વાળા સ્થળ પર સર્વે કરતા આ સર્વે નંબરમાં બોર/કુવો જોવા મળેલ ન હતો. જે અનુસંધાને પ્રતિવાદી દ્વારા વાદીને પ્રથમ નોટીસ વીટીએસડી/ટેક/૭૬૩ તા.૨૪/૦૧/૨૦૨૨ પાઠવવામાં આવેલ હતી. જે નોટીસનો વાદી દ્વારા કોઈપણ પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો. ત્યારબાદ, પ્રતિવાદી દ્વારા વાદીને બીજી નોટીસ વીટીએસડી/ટેક/૪૭૩૪ તા.૦૭/૦૯/૨૦૨૨ પાઠવવામાં આવેલ હતી. જે નોટીસનો પણ વાદી દ્વારા કોઈપણ પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો. તે જ રીતે પ્રતિવાદી દ્વારા વાદીને ત્રીજી નોટીસ વીટીએસડી/ટેક/૫૫૧૦ તા.૦૩/૧૧/૨૦૨૨ પાઠવવામાં આવેલ હતી. જે નોટીસ નો પણ વાદી દ્વારા કોઈપણ પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો. આમ, ત્રણ નોટીસનો પ્રત્યુતર વાદી દ્વારા પ્રતિવાદી ને ન આપતા પ્રતિવાદી દ્વારા વાદીની આ નવા વિજ જોડાણ માટેની અરજી રદ કરવા માટે આખરી નોટીસ વીટીએસડી/ટેક/૫૫૪૫ તા.૧૧/૧૧/૨૦૨૨ થી જાણ કરેલ છે અને સદર અરજી દફતરે કરેલ છે.

વધુમાં, વાદી દ્વારા વરતેજ પેટા વિભાગીય કચેરીમાં માંગણીવાળા વિજ જોડાણમાં રી સર્વે કરવા માટેની કોઈપણ પ્રકારની અરજી ઈન્વર્ડ કરાવવામાં આવેલ નથી.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદારશ્રી બુધેલીયા સુધીરભાઈ સાજણભાઈ, મું.રાજપરા, તા.વરતેજ દ્વારા પ્રતિવાદીની વરતેજ પેટા વિભાગીય કચેરી દ્વારા નવું ખેતીવાડી વિજ જોડાણ ન આપવાની બાબતને લઈને ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ આજરોજ તા.૦૩/૦૪/૨૦૨૩ ની રૂબરૂ સુનાવણીમાં બંને પક્ષો હાજર છે તથા તેઓની રજૂઆતો કરી દસ્તાવેજો રજૂ કરેલ છે.

૩.૩ વાદી પ્રતિવાદીની રજૂઆતો અને રજૂ થયેલ રેકર્ડ ને આધારે ફોરમને જણાય છે કે, વાદીની તા.૦૪/૦૧/૨૦૨૧ ના આધારે નવા ખેતીવાડી વિજ જોડાણની કાર્યવાહી અર્થે પ્રતિવાદીની કચેરી દ્વારા તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ સ્થળ ચકાસણી કરતા વિજ જોડાણ વાળી જગ્યા પર બોર/કુવો જોવા મળેલ ન હતો જેને લઈને પ્રતિવાદીની કચેરી દ્વારા તા.૨૪/૦૧/૨૦૨૧, તા.૦૭/૦૯/૨૦૨૨ તથા તા.૦૩/૧૧/૨૦૨૨ ના રોજના પત્રથી નોટીસ પાઠવી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવા જણાવેલ. પરંતુ, વાદી દ્વારા કોઈ કાર્યવાહી ન થતા પત્ર નં–૫૫૪૫ તા.૧૧/૧૧/૨૦૨૨ ના પત્ર થી કનેકશન રદ થવા અંગેની જાણ વાદીને કરેલ છે.

૩.૪ વાદી દ્વારા તેમને તા.૦૩/૧૧/૨૦૨૨ ની નોટીસ મળ્યા હોવા અંગેનું કબુલ્યુ છે જયારે કે તેમના દ્વારા રી સર્વે માટેની કરવામાં આવેલ તા.૧૮/૧૧/૨૦૨૨ ની અરજી ઓફીસમાં આપ્યાની કોઈ પહોંચ રજૂ કરી શકેલ નથી.

૩.૫ આમ, પ્રતિવાદી દ્વારા નિયમીત અંતરે વાદીને નોટીસ આપવા છતાં, વાદી દ્વારા કોઈ જવાબ આપવામાં આવેલ ન હોઈ, કે કોઈ મુદત માંગવામાં આવેલ ન હોઈ, પ્રતિવાદી દ્વારા કનેકશન રદ કરવાની કરવામાં આવેલ કાર્યવાહી નિયમોનુસારની છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

૩.૬ વધુમાં, આજરોજની સુનાવણીમાં વાદી દ્વારા હવે કુવો કરાવી નાંખેલ હોઈ, તેમજ તેઓ દ્વારા તા.૦૬/૦૩/૨૦૨૩ ના રોજ નવેસરથી ફરીવાર કનેકશન ની માંગણી કરતી અરજી કરવામાં આવેલ છે. જેની સામે પ્રતિવાદીએ વાદીને કનેકશન આપવા નિયમાનુસાર કાર્યવાહી કરવી.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ અને ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ—૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન—૩, ત્રીજો માળ, બ્લોક નં—૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ—૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મહેતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :— ૦૩/૦૪/૨૦૨૩.